મુજબ અગત્યનું

નં.નાનિઅજાક/પ્રિ.-પો.મે.શિ./૨૨-૨૩/ ૯૧૨૧ થી ૯૧૩૨
નાયબ નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણની કચેરી,
સી-૬, બહુમાળી મકાન, નાનપુરા, સુરત
તા.૧૮/૦૬/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી
તમામ ..................................................
સુરત ..................................................
..................................................

વિષય:- વર્ષ:૨૦૨૨-૨૩ની અનુ.જાતિના વિદ્યાર્થીઓ માટેની કેંદ્ર પુરસ્કૃત પોસ્ટમેટ્રીક/પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાના અમલ બાબત

શ્રીમાન,

ઉપરોક્ત વિષયઅન્વયે જણાવવાનુંકેનિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરખાતા હસ્તકની નીચે મુજબની કેંદ્રપુરસ્કૃત યોજનાઓનો અમલડિજિટલ ગુજરાત પોર્ટલ મારફત (https://www.digitalgujarat.gov.in)કરવામાં આવે છે.

1. Post Matric Scholarship for SC Students (GOI) (BCK-6.1) (With FreeshipCard & Without FreeshipCard Both)
2. Pre Matric Scholarship for SC Students (Std: 9 & 10) (BCK-35)
3. Pre. Matric Scholarship to the children whose parents are engaged in occupations involving Cleaning and Prone to Health Hazards (BCK-4)

ઉપર મુજબની યોજનાઓ અંતર્ગત વર્ષ: ૨૦૨૨-૨૩થી કેંન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મળેલ સૂચના મુજબ વિદ્યાર્થીઓનું National Scholarship Portal (NSP) (https://scholarships.gov.in/) પર રજીસ્ટ્રેશન કરવુ ફરજીયાત છે. જે વિદ્યાર્થીએ NSP પોર્ટલ (https://scholarships.gov.in/) પર રજીસ્ટ્રેશન કરેલ હશે તે જ વિદ્યાર્થીઓ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર સ્કોલરશીપ યોજનામાં શિષ્યવૃત્તિ લઇ શકશે.National Scholarship Portal પોર્ટલ પર વર્ષ:૨૦૨૨-૨૩નુ રજીસ્ટ્રેશન શરૂ થઇ ગયેલ છે.

ઉક્ત યોજનાઓ પૈકી ક્રમનં:૧ પરની યોજના અંતર્ગત National Scholarship Portal પર વિદ્યાર્થીઓએ જાતે જ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે જ્યારે ક્રમનં:૨ તથા ક્રમનં:૩ પરની યોજનાઓની તમામ કામગીરી શાળાના આચાર્યશ્રી મારફત કરવામાં આવતી હોય તે યોજના અંતર્ગતNational Scholarship Portal પર પાત્રતા ધરવતા વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન જે તે શાળાના આચાર્યશ્રીએ કરવાનું રહેશે.

- National Scholarship Portal (https://scholarships.gov.in/) પર રજીસ્ટ્રેશન કરવાની પધ્ધતિ:

➔ કેંદ્ર સરકારશ્રીની શિષ્યવૃત્તિ યોજનાની વેબસાઇટ: https://scholarships.gov.in ઓપન કરી "New Registration" પર ક્લીક કરવું.

➔ "New Registration" ક્લીક કર્યાબાદ "Register for Pre-Matric Scholarship and Post Matric Scholarship Scheme for SC Students for AY 2022-23"પર ક્લીક કરવુ.

➔ ત્યારબાદ જરૂરી તમામ સૂચનાઓ વાચી "Undertaking" આપી "Continue"બટન પર ક્લીક કરવુ.

➔ ત્યારબાદ માંગવામાં આવેલ તમામ વિગતો સાવચેતીક પૂર્વક ભરી "Register"બટન પર ક્લીક કરવાનું રહેશે.

➔ ત્યારબાદ જે નંબર પોર્ટલ દ્વારા જનરેટ થાય છે તેને સાચવીને રાખવાનો રહેશેઅને આ નંબર જ્યારે ડિજિટલ ગુજરાત પોર્ટલ પર વિદ્યાર્થીઓના ઓનલાઇન ફોર્મ ભરવામાં આવે ત્યારે ઓનલાઇન નાખવાનો રહેશે. ઉક્ત યોજનાઓમાં ડિજિટલ ગુજરાત પોર્ટલ પર કેવી રીતે અરજી/દરખાસ્ત કરવાની છે તેની સમજ દર વર્ષે શાળા/કોલેજને જે પરીપત્ર મોકલવામાં આવે છે તેમાં અલગથી આપવામાં આવશે.

વર્ષ: ૨૦૨૨-૨૩થીઉક્ત દર્શાવેલ ૩ યોજનાઓ અંતર્ગત જે વિદ્યાર્થીએ National Scholarship Portal પર રજીસ્ટ્રેશન કરેલ હશે તે જ વિદ્યાર્થી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર અરજી/દરખાસ્ત કરી શકશે જેની સમજ આપની કક્ષાએથી શાળા/કોલેજનાં તમામ વિદ્યાર્થીઓને પણ આપવાની રહેશે.વધુમાં રાજ્યકક્ષાએથી સદરહું બાબતે જાહેરાત પણ આપવામાં આવેલ છે જેની નકલ આ સાથે સામેલ છે જેની જાણ થવા વિનંતી છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત. જિ. સુરત.

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
જિ.સુરત

બિડાણ: ઉપર મુજબ

નકલ સવિનય રવાના:-

(૧)નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી સહ

(૨)કુલ સચિવશ્રી, વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી, જિ.સુરત તરફ જાણ તથા તમામ કોલેજોને જરૂરી સૂચના આપવા સારૂ.

(3) રજીસ્ટારશ્રી,પી.પી.સવાણી યુનિવર્સિટી,સુરત તરફ જાણ તથા તમામ કોલેજોને જરૂરી સૂચના આપવા સારૂ.

(૪) રજીસ્ટારશ્રી,ઉકા તરસાડિયા યુનિવર્સિટી,સુરત તરફ જાણ તથા તમામ કોલેજોને જરૂરી સૂચના આપવા સારૂ.

(૫) રજીસ્ટારશ્રી ,સાર્વજનિક યુનિવર્સિટી,સુરત તરફ જાણ તથા તમામ કોલેજોને જરૂરી સૂચના આપવા સારૂ.

(૬) રજીસ્ટારશ્રી,વનિતા વિશ્રામ વુમેન યુનિવર્સિટી,સુરત તરફ જાણ તથા તમામ કોલેજોને જરૂરી સૂચના આપવા સારૂ.

(૭) રજીસ્ટારશ્રી ઓરો યુનિવર્સિટી,સુરત તરફ જાણ તથા તમામ કોલેજોને જરૂરી સૂચના આપવા સારૂ.

(૮) રજીસ્ટારશ્રી ભગવાન મહાવીર યુનિવર્સિટી,સુરત તરફ જાણ તથા તમામ કોલેજોને જરૂરી સૂચના આપવા સારૂ.

(૯)જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિ. સુરત. તરફ જાણ તથા તમામમાધ્યમિક શાળાઓતથાઉચ્ચતર માધ્યમિક શાળાઓને ઉકત બાબતે જરૂરી સૂચના આપવા સારૂ.

(૧૦)શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, જિ. સુરત. તરફ જાણ તથા તમામપ્રાથમિક શાળાઓને ઉક્ત બાબતે જરૂરી સૂચના આપવા સારૂ.

(૧૧)જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિ.પં. સુરત. તરફ જાણ તથા તમામપ્રાથમિક, માધ્યમિક શાળાઓ તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ઉક્ત બાબતે જરૂરી સૂચના આપવા સારૂ.

(૧૨)આચાર્યશ્રી, આઇ.ટી.આઇ. સુરત. તરફ જાણ તથા તમામઆઇ.ટી.આઇને ઉક્ત બાબતે જરૂરી સૂચના આપવા સારૂ.